ક્રમાંક:મહક-૧૧૨૦૨૦-Covid-19-ઇ
ન.જ.સે.પા.પુ.ક.વિ., સચિવાલય,
ગાંધીનગર
તા.૨૨/03/૨૦૨૦

પ્રતિ,
તમામ ખાતાના વડાશ્રીઓ/બોર્ડ/નિગમો
તમામ મુખ્ય ઇજનેરશ્રીઓ,
વિભાગના તમામ અધિકારીશ્રીઓ/શાખાઓ

**વિષય : કોરોના વાયરસની અસરને પહોંચી વળવા લેવાના અટકાયતી પગલાઓ.**

ઉક્ત વિષય અન્વયે આજ્ઞાનુસાર જણાવવાનું કે, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૨૧/03/૨૦૨૦ ના જાહેરનામાથી રાજ્યમાં ગુજરાત એપેડેમીક રેગ્યુલેશન-૨૦૨૦ લાગુ કરવામાં આવેલ છે તથા અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારોમાં આવશ્યક સેવાઓ જ ચાલુ રાખવા સુચનાઓ આપવામાં આવેલ છે.

સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૧/03/૨૦૨૦ ના પરિપત્રથી તમામ સરકારી કચેરીઓમાં તા.૨૩/03/૨૦૨૦ થી તા.૨૯/03/૨૦૨૦ સુધી વર્ગ-૨ થી વર્ગ-૪ ના અધિકારીશ્રીઓ/ કર્મચારીશ્રીઓ પૈકી ૫૦ % કર્મચારીઓ રોટેશન બેઝીસ પ્રમાણે ઉપસ્થિત રહે તેવી કાર્યવાહી કરવા જણાવેલ છે.

ઉક્ત સુચનાઓ ઉપરાંત કોરોના વાયરસ અટકાયત બાબતો અંગે રાજ્ય સરકારશ્રીના જુદા-જુદા વિભાગો, સ્થાનિક જિલ્લા પ્રસાશન વગેરે દ્વારા અપાતી સુચનાઓનું ચુસ્તપણે પાલન થાય તે જરૂરી હોઇ વિભાગ હસ્તક આવતી કચેરીઓ/ખાતાઓના વડાઓ તથા સબંધિત તમામ અધિકારીશ્રીઓ/ કર્મચારીશ્રીઓએ તેનું ચુસ્તપણે પાલન કરવા આથી આજ્ઞાનુસાર સુચના આપવામાં આવે છે.

વધુમાં ઉક્ત રોગના સંદર્ભમાં લેવાના રહેતાં તમામ પગલાં અંગે સંબંધિતોને સહકાર/સહયોગ આપવા પણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ/ કર્મચારીશ્રીઓ / કચેરીઓ / ખાતાઓને જણાવવામાં આવે છે. તથા આપના તાબા હેઠળની કચેરીઓને પણ જરૂરી સુચના આપવા જણાવવામાં આવે છે.

(એલ.જી.મહીડા)
નાયબ સચિવ
ન.જ.સે.પા.પુ.ક.વિ.,
ગાંધીનગર

Scanned by CamScanner